| | |
|---|---|
| આંક | ૦૬ |
| દાખલ થયા તા | ૧૩/૧૧/૨૦૧૮ |
| રજુ કર્યા તા. | ૧૩/૧૧/૨૦૧૮ |
| ફેંસલ કર્યા તા. | ૧૦/૧૨/૨૦૧૮ |
| સમય મર્યાદા | વર્ષ – માસ– દિવસ |
| | |

મે. એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં. ૧૨ અમદાવાદ

**ફોજદારી કેસ નં.૯૯૪૪૪/૧૮**

શ્રી સરકાર ..... ફરિયાદી

વિરુધ્ધ.

જાવેદહુસેન હનીફભાઈ શેખ
રહેઃ સાઈડ એન્ડ સર્વીસની ચાલી, ઘર નંબર–૧૯/૧,
ગંજ શહીદ કબ્રસ્તાન, દાણીલીમડા,અમદાવાદ .... આરોપી

**ગુન્હોઃ– ઈ.પી.કોડની કલમ – ૨૮૩ મુજબ.**

**સરકાર તરફે : વિધ્વાન એપીપી શ્રી.આર.એચ.જુરાણી**

**આરોપી તરફે : વિ.વ.શ્રી.વી.એ.પટેલ**

# -// ચુ કા દો //-

(૧) ફરીયાદની હકીકત મુજબ આ કામના આરોપીએ પોતાના કબજાની હાથલારી રોડ પર આવતા જતાં રાહદારીઓને અડચણ રુપ અને ભયજનક રીતે અને માનવ જીંદગી જોખમાય તે રીતે મુકી રાખતાં પોલીસે આરોપી સામે ઈ.પી.કોડની કલમઃ૨૮૩ મુજબની ફરીયાદ નોંધી હતી. તપાસ કરનાર અમલદારે જરૂરી એવા સાહેદના નિવેદન લઈ આરોપી સામે પુરાવો પડતાં હોવાનું જણાતાં ચાર્જશીટ કર્યુ હતું.

(૨) આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલ વિના મુલ્યે આપી તેની પ્લી રેકર્ડ કરતાં આરોપીને ગુન્હો કબુલ ન હોવાથી આગળની કાર્યવાહી કરી હતી.

(૩) ફરીયાદ પક્ષે તેમનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

ફરીયાદ પક્ષનો મૌખિક પુરાવો

| અ.નં | આંક | સાહેદનું નામ | વર્ણન |
|---|---|---|---|
| ૧ | ૪ | અબ્દુલ અજીજ અલીબક્ષ(અ.હે.કો.) | ત.ક.અ. |

ફરીયાદ પક્ષનો દસ્તાવેજી પુરાવો.

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૨ | ૫ | ફરીયાદ |

(૪) કેસની કાર્યવાહી પૂર્ણ થતાં ફરીયાદી અને આરોપી પક્ષની દલીલો સાંભળી.

(૫) ઉપરોકત કેસની હકીકત, સંજોગો અને રજુ કરવામાં આવેલ પુરાવાઓને ધ્યાને લેતા મારી સમક્ષ નિર્ણય માટે નીચેના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–: મુદ્દાઓ :–**

(૧) શું ફરીયાદ પક્ષ એ હકીકત નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ પોતાના કબજાની હાથલારી ગેરકાયદેસર રીતે જાહેર માર્ગ ઉપર અંતરાય ઉભો કરી ઈ.પી.કોડની કલમ ૨૮૩ અન્વયેનો સજા પાત્ર ગુન્હો કર્યો છે. ?

(૨) શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓનો જવાબ નીચે મુજબ આપુ છું.

(૧) નકારાત્મક

(૨) આખરી હુકમ મુજબ

**–//કારણો//–**

**(૭)મુદા નં – ૧**

હાલના કામે ફરીયાદની હકીકત મુજબ ફરીયાદ પક્ષે આરોપી સામેનો ગુન્હો પુરવાર કરવા માટે નીચે મુજબના મુદ્દા પુરવાર કરવા પડે જે નીચે મુજબ છે.

(૧) આરોપીએ તેમના કબજામાંની મીલકતની વ્યવસ્થા નહી કરી .

(૨) તે કારણસર આરોપીએ જાહેર માર્ગમાં અન્ય વ્યકિતઓ માટે અંતરાય ઉભો કર્યો. ઈ.પી.કોડની કલમ– ૨૮૩ ના સંદર્ભમાં એ હકીકત સમજવાની રહે છે કે, ફરીયાદ પક્ષે એ હકીકત પુરવાર કરવાની રહે છે કે, જાહેર માર્ગ ઉપર જે અંતરાય ઉભો થયો છે તે આરોપીના કારણસર ઉભો થયો છે અને તે માટે ફરીયાદ પક્ષે આ અંતરાય આરોપીના ધ્વારા જ ઉભો થયો છે તે હકીકત પુરવાર કરવાની રહે છે. દરેક અંતરાયથી અડચણ ઉભી થાય પરંતુ દરેક અડચણથી અંતરાય ઉભો થતો નથી. ફરીયાદ પક્ષના સાક્ષીની જુબાની ધ્યાને લઈએ તો પ્રથમતો ફરીયાદ પક્ષે ફરીયાદના સંદર્ભમાં કોઈ પંચનામું કર્યુ નથી. જેથી ગુન્હાવાળી જગ્યાએ આરોપીની શું પરિસ્થિતિ હતી તે હકીકત સ્પષ્ટ થતી નથી. ફરીયાદ પક્ષના સાક્ષીઓએ રાબેતા મુજબના ક્રમમાં અંતરાય

થયો હોવાની હકીકતને સમર્થન આપ્યું છે. સ્થળ ઉપર આરોપીની સ્થિતિ , વસ્તી ગીચતા, રોડની પહોળાઈ, આરોપીનું કૃત્ય એવી તમામ હકીકતના આધાર ઉપર આરોપીએ સ્થળ ઉપર અંતરાય ઉભો કર્યો છે તે હકીકત પુરવાર કરવા માટે મહત્વની બને છે. ફરીયાદ પક્ષના સમગ્ર પુરાવામાં આ બાબતની સ્પષ્ટતા નથી. રાબેતા મુજબના નિવેદનના આધારે ફરીયાદની હકીકત પુરવાર થયેલી માની શકાય નહિ. ફરીયાદ પક્ષનો સમગ્ર પુરાવો ધ્યાને લેતાં જાહેર માર્ગ ઉપર આરોપીની હવાલાની મીલકતની વ્યવસ્થા થઈ ન હોવાથી અન્યવ્યકિતઓને અડચણ અને અંતરાય ઉભા થયા છે તે હકીકત પુરવાર થતી નથી. જેથી મુદ્દા નંબર–૧નો જવાબ " નકારમાં આપી, મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–// હુ ક મ //–**

૧. આ કામે આરોપીને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ –૨૫૫(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ ૨૮૩ મુજબનાં શિક્ષાને પાત્ર ગુનામાંથી નિદોર્ષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામનાં આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) અન્વયે નવા જામીન અને જાત મુચરકો અપીલ સુધી અમલમાં રાખવાની બાંહેધરી સાથે રજુ કરવો.

આ હુકમ આજરોજ તા.૧૦ મી માહે ડિસેમ્બર સને ૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૦–૧૨–૨૦૧૮
મુકામ:અમદાવાદ

(એસ.એમ.સોલંકી)
**એડિશનલ ચીફ મેટોપોલીટન મેજિસ્ટ્રેટ,**
**કોર્ટ નં.૧૨,અમદાવાદ**
UNIQUE CODE GJ00514